અપીલ અરજી નં.૨૧૯ તા.૧૫–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઉમાબેન અનિલભાઈ પરમાર
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉમાબેન અનિલભાઈ પરમારની તા.૨૧–૮–૧૦ની અરજીથી વોર્ડ નં.૧૨બી, નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ વાળી મિલ્કતમાં એકજ ઘર નંબર ધરાવતા કબજેદારોને કુલ કેટલી સંખ્યામાં જુદા જુદા ટેનામેન્ટ નંબરોવાળા બીલો મોકલવામાં આવે છે. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૯/૨૦૧૦–૧૧

શ્રી ઉમાબેન અનિલભાઈ પરમારની તા.૨૧–૮–૧૦ની અરજીથી વોર્ડ નં.૧૨બી, નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ વાળી મિલ્કતમાં એકજ ઘર નંબર ધરાવતા કબજેદારોને કુલ કેટલી સંખ્યામાં જુદા જુદા ટેનામેન્ટ નંબરોવાળા બીલો મોકલવામાં આવે છે. તેની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એ.આર.ડી/ ૨૨૩ તા.૧૮–૯–૧૦ થી આપેલ માહિતી અપુરતી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા તેમજ અરજદારની વાંધા અરજીના દાવા અંગે હકીકત લક્ષી પુર્તતા મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૭ તા.૧૯–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૮–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૨બી, નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ વાળી મિલ્કતમાં એકજ ઘર નંબર ધરાવતા કબજેદારોને કુલ કેટલી સંખ્યામાં જુદા જુદા ટેનામેન્ટ નંબરોવાળા બીલો મોકલવામાં આવે છે. જે બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/આ.નં.૨૨૩ અને પત્ર નં.એઆરડી/૭૦ તા.૧૮–૯–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના "વોર્ડ નં.૧૨–બી નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ વાળી મિલ્કતમાં નોંધ નં.૨૧૮૮ માં કુલ ચાર વેરાબીલો સંબધિત કબ્જેદારોને મોકલવામાં આવે છે. જેમાં પાણીના અલાયદા બીલોનો સમાવેશ થાય છે. તે સિવાયના અન્ય નોંધ નંબર સંયુકત રીતે આકારણી દફતરે દાખલ છે. જેમાં કુલ ૫૩ બીલોનો સમાવેશ થાય છે." તેવું જણાવેલ છે.

વોર્ડ નં.૧૨–બીમાં એકજ નોંધ નંબર /રે.સ. નં./ફા. નં./ ટીપી નંબર ધરાવતા કબ્જેદારોને જુદા જુદા ટેનામેન્ટ નંબરોવાળી કયા કારણોસર મોકલવામાં આવે છે. તેની વિગત આપવી. જેમકે. વોર્ડ નં.૧૨–બી નોંધ નં.૨૧૮૮ માં કબ્જેદાર તરીકે બે વ્યકિતઓના નામે જુદા જુદા ટેનામેન્ટ નંબરો ધરાવતા વેરબીલો સબંધિત ખાતા ધ્વારા મોકલવામાં આવ્યા છે તો આ પ્રકારના વેરાબીલોના સંદર્ભે અરજદારો તરફથી અરજીઓ કરવામાં આવી છે કે કેમ? જો અરજી કરવામાં આવી હોય તો કયારે અને કયા ઈન્વર્ડ નંબરથી અરજીઓ સ્વીકારવામાં આવી છે. અને તે અરજીના નિકાલ બાબતે આપના ખાતા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે તેની વિગતો આપવી. જે બાબતે જાહેર માહિતી અીધકારી તરફથી પત્ર નં.૨૨૦ તા.૧૫–૯–૧૦ થી પાના નંગ–૫૭ ના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૧૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે રસીદ નં.૩૮૮૭૦૬ તા.૧૬–૯–૧૦ થી ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જે અંગે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨–બી માં એક જ નોંધ નં./રે.સ.ન./ફા.પ્લોટ નં./ટી.પી. નંબર ધરાવતા કબ્જેદારો જુદા જુદા ટેનામેન્ટવાળા બીલો પાણીના બીલો હોવાથી અલગ અલગ મોકલવામાં આવે છે. વોર્ડ નં.૧૨ બી નોંધ નં. ૨૧૮૮ માં ઉપર જણાવ્યા મુજબ બે વ્યકિતઓના નામે વેરાબીલ અને પાણીના બીલ અલગ અલગ ટેનામેન્ટ નંબર ધરાવતાં આવે છે. આ પ્રકારના વેરા બીલોના વાંધા સંદર્ભે શ્રી મેઘાભાઈ કાલાભાઈ ધ્વારા વાંધા અરજી કરવામાં આવી હહતી. જેમનો ટેના. નં. ૧૨બી–૧૧–૦૭૭૧–૧–૦૦૯ વાળુ બીલ કમી કરવામાં આવેલ છે. તે સિવાય સદરહુ મિલ્કતમાં અન્ય અરજદારો તરફથી વાંધા અરજી કરવામાં આવી હોય તેવું આકારણી દફતરે જોતાં જણાતું નથી. શ્રી મેઘાભાઈ કાલાભાઈની અરજી તા.૨૯–૭–૧૦ ના રોજ ઈન્વર્ડ નં.૯૨ દફતરે જોતાં જણાતું નથી. શ્રી મેઘાભાઈ કાલાભાઈની અરજી તા. ૨૯–૭–૧૦ ના રોજ ઈન્વર્ડ નં.૯૨ થી સ્વીકારવામાં આવી હતી જેનો ખાતા ધ્વારા તા.૭–૯–૧૦ ના રોજ નિકાલ કરવામાં આવેલ છે. " તેવું જણાવેલ છે. વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ ના તમામ કબ્જેદારો પૈકી ઉપરોકત જણાવેલ બાબતે એક જ નોંધ નંબર ધરાવતાં મકાનના જુદા જુદા ટેનામેન્ટ નંબરોવાળા વેરાબીલ બાબતે અરજી કરેલ છે તે વ્યકિતોઓના નામ સરનામાની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૧૮૮ થી ૨૧૯૯ ના તમામ કબ્જેદારોને જે વેરાબીલો મોકલાવમાં આવેલા છે તેના પાર્ટી સ્ટેટસની પાના નં.૧ થી ૫૭ નીનકલ પૂરી પાડવામાં આવેલ છે જેમાં વ્યકિતઓના નામ અને સરનામાની વિગત ઉપલબ્ધ છે. જે માહિતી આપવામાં આવેલ છે તેમાંથી અરજદારે નવ કબ્જેદારોના નામ અલગ અલગ ટેનામેન્ટ નંબરવાળા વેરાબીલો જેમાં બે બીલો મોકલવામાં આવે છે તેવું જણાવેલ છે. જેમાં

અરજદારે સમજણ નથી પડતી તેવી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો મળેલી માહિતીમાંથી પ્રરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે. જયારે અન્ય કબ્જેદારોને એક બીલ મોકવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે નોંધ નં.૨૧૮૮ સિવાયના ટેનામેન્ટ નંબરોના લીસ્ટ રજૂ કરેલ છે. વધુમાં અરજદારે એક જ અરજી કર્યાની વિગત ખોટી હોવાનો દાવો કરેલ છે અને ઈન્વર્ડ રજીસ્ટરની ચકાસણી કર્યા વિના ઉપરી અધિકારીને અંધારામાં રાખી આ વિગત આપવામાં આવી છે સદર બાબતે અનિલકુમાર ખીમજીભાઈ પરમાર તરફથી ૨૦૦૦–૦૧ થી વાંધા અરજીઓ આપતા આવ્યા છે . પરંતુ અરજદારે તેવા દાવાના સમર્થનમાં પહોંચ/પાવતી જેવા આધાર રજૂ કરેલ નથી તેથી તેમના દાવાને કોઈ સમર્થન મળતું નથી. આકારણી સંબધે દર ચાર વર્ષે જનરલ રીવીઝન થતું હોય છે જેમાં દફતરે નોંધાયેલ આકારણી સબંધિત અરજીઓનો રીવીઝન દરમ્યાન નિકાલ પણ કરવામાં આવતો હોય છે. વધુમાં ૮ માસ અગાઉ પણ આ બાબતે અરજી આપવામાં આવેલ છે. જે ઈન્વર્ડ કરવામાં આવી છે અને જેનો નિકાલ કરવામાં આવ્યો નથી. જે બાબતે રૂબરૂ રજૂઆતો કરેલ છે અને કર્મચારીને ધ્યાને પણ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે મુળ અરજીમાં માહિતીનો કોઈ સમયગાળો પણ રજૂ કરેલ નથી. જે વિગત અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. આમ અરજદારે શ્રી અનીલ કુમાર ખીમજીભાઈ પરમારની ઈન્વર્ડ કરવામાં આવેલ અરજી બાબતેની રજૂઆત કરી માહિતી નહીં મળ્યાની તકરાર અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે અને તેવી માહિતી બાબતે અસંતોષ વ્યકત કરેલ છે. જે અરજી બાબતે માહિતી નહીં મળ્યા બાબતેની તકરાર બાબત જણાય છે. આથી અરજદાર ૮ માસ અગાઉ કરેલી અરજીની ઈન્સ્પેકશન દરમ્યાન ચકાસણી કરી પોતાની અરજીના ઈન્વર્ડ બાબતેની ખરાઈ કરી શકે છે. તે સિવાયની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીની વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારને આપેલી માહિતી અંગે ઈન્વર્ડ અરજી બાબતે અસંતોષ જણાયેલ હોઈ તે બાબતે પ્રસ્તુત કિસ્સામાં લાગત ઈન્વર્ડ રજીસ્ટરનું તપાસણી માટે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી લાગત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મળેલી માહિતીમાંથી નવા ટેના. ના ડબલબીલ સમજણ બાબતે નિયમો અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે તથા કર્મચારીની કાર્યવાહીને લગતી બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી ઉમાબેન અનિલભાઈ પરમાર